# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

**માસ્ટર ઑફ જૈનિઝમ્ પ્રથમ વર્ષ - ૨**

નોવ્હેંબર ૨૦૨૨
દ્વિતીય સત્ર
ગુણાંક ૫૦

## પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૨૫ફ્રેબ્રુવરી સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના ૩ થી ૫ અધ્યાયમાંથી લખવાનો છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૫

૧. મનની વિચાર, ચિંતન કરવાની શક્તિ તે .................... છે.
૨. નવમા દેવલોકના દેવોનું શરીરપ્રમાણ .................... છે.
૩. હરિવર્ષ અને મહાવિદેહ ક્ષેત્રની વચ્ચે ...................... વર્ષધર પર્વત છે
૪. લાકડી આદિના પરસ્પર અથડાવાથી (સંઘર્ષથી) ઉત્પન્ન થતો ધ્વનિ ................. કહેવાય છે.
૫. તેઉકાયની ભવસ્થિતિ .......................... છે.
૬. પઠન, પાઠન, કૃષિ, વાણિજ્ય આદિ દ્વારા આજીવિકા ચલાવનાર .................. છે.
૭. પાંચમા ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ .................... છે.
૮. ........................ જ કર્મમુક્ત અપાવી શકે છે.
૯. નારકીઓના હાથ, પગ, મસ્તકાદિ કાપીને અવયવનોને છિન્ન ભિન્ન કરનાર .............પરમાધામી છે.
૧૦. સ્વ સત્તાના ત્યાગ વિના દ્રવ્યમાં થતું પરિવર્તન તે .................... છે.
૧૨. દ્રવ્ય અને ગુણ ....................... છે.
૧૩. રૂક્મિ પર્વત ......................... નો બનેલો છે.
૧૪. જીવના પ્રયત્ન વિના થતો સ્વાભાવિક બંધ તે ....................... બંધ છે.
૧૫. સૂર્ય દેવીઓની જઘન્ય સ્થિતિ ....................... છે.
૧૬. છ દ્રવ્યોની વચ્ચે રહેવા છતાં કોઇ દ્રવ્ય એક બીજાને કોઇરીતે .................... બનતું નથી.
૧૭. જેમાં ગુણ અને પર્યાય હોય તે ......................... કહેવાય છે.
૧૮. મનુષ્ય સર્વત્ર જઇ શકે પરંતુ એના જન્મમરણ તો ...................... માંજ થાય છે.
૧૯. આપણી કાયસ્થિતિ .................. ની છે.
૨૦. પાંચમા, છઠ્ઠા દેવલોકના દેવો ....................... પ્રવિચાર હોય છે.
૨૧. ગતિશીલ પદાર્થોની ગતિમાં નિમિત્ત થવું તે ...................... નું લક્ષણ છે.
૨૨. દુ:ખમય, પાપમય, સ્વાર્થમય સંસારમાંથી ...................... વિના મુક્તિ નથી.
૨૩. અંજના નામની ચોથી નારકીનું ગોત્ર ...................... છે.
૨૪. આકાશ એજ આધાર છે, બાકીના દ્રવ્યો .................. છે.
૨૫. ઇન્દ્ર જેવીજ ઋદ્ધિવાળા, ઇન્દ્રને આદરણીય, પિતા ગુરુની જેમ પૂજ્ય દેવો.................. કહેવાય છે.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૨૫

૧. મેઘનું સંસ્થાન કયું છે ?
૨. દ્વીપકુમારનું ચિન્હ શું છે ?
૩. અઢીદ્વીપમાં કુલ આર્ય દેશ કેટલા છે ?
૪. પ્રાણાપાન એટલે શું ?
૫. પરમાધામી દેવ આયુષ્ય પૂર્ણ કરી શું બને છે ?
૬. પર્યાપ્તિઓની પૂર્ણાહુતિ સુધી કયો આહાર હોય છે ?
૭. શક, પવન, શબર, પુલિંદ વિગેરે કોણ છે ?
૮. જીવોનું પરસ્પરના કાર્યમાં નિમિત્ત બનવું તે શું છે ?
૯. શીત વસ્તુના શીત પ્રકાશને શું કહેવાય છે ?

૧૦. વાયવ્ય ખુણામાં કયા લોકાંતિક દેવ હોય છે ?

૧૧. સર્વજ્ઞની બુદ્ધિથી પણ જેના બે વિભાગ ન સંભવિ શકે એવા દ્રવ્યના અવિભાજ્ય અંગને શું કહેવાય ?

૧૨. પૃથ્વીનો આધાર કોણ ?

૧૩. જેનાથી ઓછું ન હોઈ શકે તે શું ?

૧૪. છપ્પન્ન અંતરદ્વીપનો સમાવેશ કયા ક્ષેત્રમાં થાય છે ?

૧૫. મહાવિદેહ કોનો પ્રકાર છે ?

૧૬. સ્યાત્ એટલે શું ?

૧૭. બે વસ્તુઓના પરસ્પર મિલન કે સંયોગને શું કહેવાય ?

૧૮. ભાષા કોની સહાયતાથી પ્રગટ થાય છે ?

૧૯. પુદ્ગલ દ્રવ્યના સહુથી મોટામાં મોટા સ્કંધને શું કહેવાય છે ?

૨૦. સૂર્ય-ચંદ્રની નિયત ગતિથી શું થાય છે ?

૨૧. કિલિકા સંઘયણવાળો જીવ કઇ નારકીસુધી જાય છે ?

૨૨. રમ્યક ક્ષેત્રનો આકાર કેવો છે ?

૨૩. કલ્પાતીત દેવો બધાજ ઇન્દ્ર હોવાથી શું કહેવાય છે ?

૨૪. આકાશસુધીના દ્રવ્ય કેવા છે ?

૨૫. ગ્રહની ઉંચાઇ કેટલી છે ?

**પ્રશ્ન-૩ વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૫ થી ૧૭ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઈ પણ એક)**

૧. **ધાતકી ખંડ દ્વીપ –** (જૈન લોકનું સ્વરૂપ, મધ્ય લોક, અસંખ્ય દ્વીપ સમુદ્ર ઘાતકી ખંડ માં વિવિધ ક્ષેત્ર (૨ ભરત, ૨ ઐરાવત, ૨ મહાવિદેહ) પાંચ કર્મભૂમિ, ૧૦ અકર્મભૂમિ, બે મેરૂ, ૧૨ સૂર્ય-ચંદ્રાદિ)

૨. **જ્યોતિષ્ક ચક્ર –** (ચાર જાતિના દેવ, જ્યોતિષ્કમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા એમના થી સમય ગણત્રી, આપણા ઉપર એમના ઉપકાર, જઘન્ય, ઉત્કૃષ્ટ, સ્થિતિ)

૩. **અજીવ સ્વરૂપ –** (નવતત્વમાંથી એક, તેર ભેદ, એમનો ઉપકાર))

એમ.જે. પાર્ટ -૧ કેન્દ્રિય પરીક્ષા પ્રશ્ન-પત્ર કેવો હશે ?

| | |
|---|---|
| પ્રશ્ન ૧ – ખાલી જગ્યા પૂરો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૨ – એક શબ્દમાં જવાબ લખો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૩ – નીચેના વાક્યો સાચા કે ખોટા જણાવો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૪ – જોડકાં જોડો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૫ – એક વાક્યમાં વાખ્યા લખો | ગુણાંક ૨૦ |
| કુલ | ૧૦૦ |

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્ની ઉપર – એ ૩) ૩૦ માર્કસ્ની ઉપર – બી+
૪) ૨૫ માર્કસ્ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્ થી ઓછા – સી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com